# “અભિવ્યક્તિ”

## આપની કલમ આપના વિચારો

:: અંક ૦૧ ::




સંપાદક -- શ્રીમતી સુધા ભટ્ટ

**ધબકાર પરિવાર**

http://www.dhabkar.com

## સંપાદકના વિચારો

### સંપાદન : એક અવસર

આ તે કેવો યોગાનુયોગ! એક અમથી પહેલ નાખી તો જુઓ તો ખરા, ઉભા થયા કેવા સુલભ સંયોગ! બાકી કોના હૃદયમાં ધબકારા નથી થતા? પણ દિલની ખરા અર્થની ધડકન કેવા ચમત્કાર કરી શકે છે એનો બોલતો પુરાવો છે "ધબકાર", આ ક્ષણે હેયામાં જે ઉમળકો ઊઠે આ એના પડઘાયા કરે એવી પ્રાર્થના અવિનાશી પ્રભુને કરીએ.

વ્યસ્ત જીવનના કામમાંથી અવકાશ કાઢીને આપણે નવું નવું વાંચવા લખવાનો પ્રયત્ન કરીએ છીએ. તે અલબત્ત કહેવાયું છે ને કે નિજાનંદ માટે કરીએ છીએ પણ અહીં તો આપણી આ પ્રવૃતિઓ બીજાનંદ માટે પણ કરવા મળ્યા છીએ, ને અનુભવીએ તેને વહેંચીએ જે વાંચીએ ,જે સાંભળીએ અને જે લખીએ તેને પણ જરૂર વહેંચીએ. હા અહીં આપણો દાવો પ્રબળ સાહિત્યકાર હોવાનો નથી પણ સાહિત્ય, સંગીત અને કળાને સહારે મનુષ્યત્વ તરફ ગતિ કરવાનો અને માનવજીવનને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન માત્ર છે. આવા શુધ્ધ અને સાત્વિક આનંદને મેળવવા આપણે આપણા બળ, બુધ્ધિ અને સમયને કામે લગાડીએ અને તે પણ અવશ્ય કોઈપણ જાતના વળતરની અપેક્ષા વિના. સમયાંતરે જે મિત્રોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાના મનમાં ઉદભવેલા ભાવને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે એમની કૃતિઓને એક ચોક્કસ નામ અને સ્થાન મળે એવી અભિલાષાથી આપણે આ સામાયિક શરૂ કરીએ છીએ જેથી બધીજ કૃતિઓ એકસુત્ર સંકળાય. કોઈ સ્વરૂપ, ઢાંચો, ગદ્ય, પદ્ય કે વિષયના બંધનમાં બંધાયા વગર આપણે નિર્બંધ લખીએ એ જ હેતુ છે. નિર્ભળ આનંદની અનુભૂતિ કરીએ અને ગુર્જરગિરાને બચાવવાના હવનમાં સમિધ બનીને નિમિત્ત બનીએ.

નાનકડી વાતને ઉપાડીને એને 'ગ્લોબલ' બનાવવામાં મિત્રોએ ખૂબ સાથ આપ્યો છે. ભારત સિવાયના દેશમાં વસતા સાચા ગુજરાતીઓએ ખૂબ સરસ પ્રતિસાદ આપ્યો છે. એ બધુંજ માત્ર 'નેટ' સુધી સીમિત નથી એનો આનંદ છે. તો મિત્રો, શું વિચારો છો? ઉઠાવો કલમ ઉતારો કાગળ પર અને એને સરસ રીતે મઠારીને સહારો લો આપણા ગુજરાતી સોફ્ટવેર અને કરવા માંડો ક્લિક ક્લિક ક્લિક..........

- સુધા ભટ્ટ "અમી શ્રી"
sachini@rediffmail.com

# અનુક્રમણિકા


| ક્રમ. | વિષય | |
|---|---|---|
| | | |
| i | સંપાદકની નજરે | : Sudha Bhatt |
| 1 | ધબકાર – ઉદ્દેશ્ય | : Shailya Shah |
| 2 | વ્યવસ્થાપન વિગતો | : Kankshit Munshi |
| 3 | ધબકાર - તન્વી શાહની નજરે | : Tanvi Shah |
| 4 | સાહિત્યનો અમૂલ્ય વારસો | : Sudha Bhatt |
| | | |
| 5 | ધબકાર કવિતા | |
| a | શૈલ્ય શાહ | |
| b | રાજીવ | |
| c | કપિલ દવે | |
| d | પીન્કી પાઠક | |
| e | ધ્વનિ જોશી | |
| f | કાંક્ષિત મુનશી | |
| g | નીતાબેન કોટેચા | |
| h | નીરજ શાહ | |
| | | |
| 6 | Dhabkar's Growth Report by | : Dr. Parth Mankad |
| 7 | Dhabkar Statistics | : Manthan Bhavsar |
| 8 | Special Thanks | : Dhabkar Parivar |
| | | |


http://www.dhabkar.com

## ધબકાર - એક ઉદ્દેશ્ય

પ્રિય મિત્રો,

ગુજરાતી સાહિત્ય, ગઝલ, કવિતા,  સંગીત વગેરે આપણા સૌનાં રસનાં વિષયો છે.

"તો આપણે સૌ સાથે મળીને એક ગ્રુપ બનાવીએ તો કેવું ?" તેવા વિચાર સાથે "ધબકાર" નો જન્મ થયો.

એક નાના વિચારના અંકુરથી પ્રગટેલું "ધબકાર" હવે એક વટવૃક્ષ  બનવા થનગની રહ્યું છે. આપ સૌ એ આપના જે ઉત્સાહ અને ખંતથી "ધબકાર" પરિવારને સીંચ્યો છે તેનું આ પરિણામ છે.

"ધબકાર" ગ્રુપનો એક માત્ર આશય ગુજરાતી સાહિત્ય , કવિતા, ગઝલ ને લોકો સુધી લઈ જવાનો અને નવા ઉભરતા કવિઓ, સ્વરકારો, સંગીતકારો, ગીતકારો, ગાયકો ને એક પ્લેટફૉર્મ પૂરું પાડવાનો છે... અને એ મારફતે માતૃભાષાનું ઋણ ચૂકવવાનો એક નમ્ર પ્રયાસ.

આપણા આ પ્રયાસમાં સમાજના તમામ સ્તરેથી આપણને સાથ અને સહકાર સાંપડી રહ્યો છે. ગુજરાતી ભાષાના ત્રણેય અગ્રગણ્ય અખબારો, ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્યભાસ્કર, ઉપરાંત અંગ્રેજી અખબાર  DNA એ "ધબકાર" ને જે રીતે બિરદાવ્યું છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

ભવિષ્યમાં "ધબકાર" ની છત્રછાયા હેઠળ બીજી પણ ઘણી પ્રવૃતિઓ આવરી લેવાની મહેચ્છા છે.

આશા રાખું છુ કે ભવિષ્યમાં આજ પ્રમાણે આપ સૌ નો સાથ અને સહકાર સાંપડતો રહેશે.

આભાર,
ભવદીય...
શૈલ્ય
shailya@dhabkar.com

# Management Matters

On the outset of this first address to the fellow members of Dhabkar, I feel immense pleasure in proclaiming that in a span of time, which many will consider short, Dhabkar has scaled to heights which several other groups have found tough to achieve. The reason behind this is the commitment of the members and team leaders.

Ever since Dhabkar got formed, high emphasis has been laid on quality and procedural management of activities. Starting with small steps, Dhabkar has now started moving forward.

Being the 1st briefing I would brief fellow members on management aspects of dhabkar, we have teams for various activities, each team has an experienced and learned team leader, each activity team decides on how it will govern its activities. Final report on decisions made by team and the leader are forwarded to the core management. With prior consent of all members events are fixed.

A proper record of all meetings, rehearsals, bethaks and discussions is made through continuous reporting; soon we are planning to adapt the concept of Minutes of Meeting for all dhabkar proceedings.

Dhabkar, its management and members propose to do several activities in future; a few of them are: book release, bethaks in auditorium with live orchestra, activity for veterans and children, activity for anchors and program presenters, activity for classical music an music composition and arrangement.

Dhabkar also proposes to arrange occasional seminars on photography, painting, clay work, interior designing, laws regarding copyright and patent for poetries and music, etc.

All these, and many more activities are possible, only with your unending support and well wishes.

Dhabkar, I and all the team leaders not just only need the support of its members but also the moral encouragement through personal presence in bethaks and meetings, and by contribution in kinds of poetries, compositions, suggestions and other supportive elements.

All members must feel free to contact us whenever needed, Dhabkar will always be happy to help, support, guide and nurture its members, just as our families do.

So, consider Dhabkar as your own family;
SUPPORT, CONTRIBUTE & NURTURE

Looking Forward..

Kankshit Munshi “Shafak”
kankshit@dhabkar.com

## ધબકાર "તન્વી શાહ" ની નજરે



ગુજરાતી સુગમ સંગીત અને ગઝલો સાંભળવાનો શોખ તો મને પહેલેથી જ હતો. એમાંય વળી ઓર્કુટ જેવી સાઈટ પર સુંદર સુવાક્યો નિતનવી રચનાઓ સ્ક્રેપ તરીકે મને શૈલ્યભાઈ તરફથી મળતી રહેતી હતી ત્યારબાદ શૈલ્યભાઈ અને તેમના જેવા અનેક કલાકાર મિત્રોનાં એક વિચારે "ધબકાર" ગ્રુપનો જન્મ થયો.

આ ગ્રુપનો મુખ્ય આશય , "દેશ-વિદેશમાં વસતા ગુજરાતી કવિઓની નવી નવી રચનાઓ ભેગી કરી એક પુસ્તક બનાવવું. ઉપરાંત જે રચનાઓ ગાઈ શકાય તેમ હોય તેને બેઠક દ્વારા રજૂ કરવી. સ્ટેજ પ્રત્યેનો લોકો નો ભય દૂર કરી તેમને માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવું" એમ હતો. બસ આજ વિચાર મને સ્પર્શી ગયો અને કંઈક નવું જાણવા અને માણવાના આશયથી હું "ધબકાર" ની બેઠક અને મીટિંગમાં ભાગ લેતી થઈ.

આ ગ્રુપથી એક નવું social group બન્યું. જુદાં જુદાં ક્ષેત્રની વ્યક્તિઓનો પરિચય થયો ત્યારે મને લાગ્યું કે હું એક ગુજરાતી હોવા છતાં પણ મારું જ્ઞાન ફક્ત પુસ્તકો સુધીજ સીમિત રહ્યું છે. આથી હું નવું નવું વાંચવા પ્રેરાઈ અને સાથે સાથે "ધબકાર" પરિવારનું એક અભિન્ન અંગ ક્યારે બની ગઈ તેની મને ખબર જ ના પડી.

"ધબકાર" પાસેથી, ભવિષ્યમાં પણ આવી જ રીતે નવા સરસ મિત્રો નો સમુદાય ભેગો થતો રહે, એમને પ્રોત્સાહન મળે,નવી પેઢીને પણ ગુજરાતી સાહિત્યનો વારસો મળતો જાય અને નવા નવા કવિઓની રચનાઓ લોકો સમક્ષ આવતી રહે એ જ આશા રાખું છું.

તન્વી શાહ
shahtanvin@yahoo.com

# આપણા સાહિત્યનો અમૂલ્ય વારસો

આપણી પૃથ્વીની રચના થઈ ત્યારથી એકકોષી જીવ અમીબાથી માંડી ડાયનોસૉર અને મનુષ્ય સુધીના તમામ જીવોએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા જંગ આદર્યો. કાળક્રમે જીવોની શરીર રચના બદલાતી ગઈ. પરમાત્માની એ વિપુલ સર્જનરાશિનો એક અગત્યનો મુકામ તે માનવીનું સર્જન. કારણ, અન્ય જીવોથી ભિન્ન, માત્ર મનુષ્યને જ બુધ્ધિ અને વાચાની અણમોલ ભેટ મળી. પૃથ્વી પરના પ્રથમ શબ્દ ઓમથી ભાષાનો આરંભ થયો. માનવીય ધ્વનિને અલગ અલગ અર્થ સાંપડ્યા. વિવિધ સંસ્કૃતિઓએ પોતાની આગવી ભાષા - લિપિ અને તેના અર્થ વિકસાવ્યા.

એટલેકે કોશ નક્કી કર્યા અને આજ પર્યંત એ કામ ચાલુ જ છે. સંસ્કૃત સાહિત્યના પ્રાચિન વારસાએ ભારતની અન્ય ભાષાઓને પુષ્ટ કરી અને પ્રાકૃત, અપભ્રંશ જેવા તબક્કા વટાવીને પ્રાદેશિક ભાષાઓ ફૂલી-ફાલી. આરંભમાં પદ્ય રચનાઓમાં માગધી, અર્ધમાગધી, પાલી આદિ ભાષાઓની છાંટ ગુજરાતીમાં પણ દેખાઈ. આ વાત ત્યારની છે જ્યારે પ્રાદેશિક ભાષાઓમાં શુધ્ધિ લાવવી પડે તેમ હતી. 'બોલી'માંથી 'ભાષા'માં અવતરવા માટેનો આ સંઘર્ષ હતો માટે એ સમયે સર્જાતા સાહિત્યને સમજવા માટે પ્રયત્ન કરવો પડે.

સાહિત્યનો સર્વાંગ સંપૂર્ણ અભ્યાસ એવરેસ્ટ ચડવા જેટલો પુરુષાર્થ માંગી લે છે. વિવિધ સમય, સ્થળ અને કક્ષા પ્રમાણેનો ઇતિહાસ જાણ્યા પછી જ ભાષાની શક્તિનો અંદાજ આવી શકે. સહિત્યના વિકાસનો વ્યવસ્થિત અને પ્રમાણભૂત પરિચય તેના અભ્યાસાર્થીને તેનો રસાસ્વાદ કરવા પૂર્વભૂમિકા તૈયાર કરી આપે છે.

મિત્રો, અહીં, આ કૉલમમાં આપણો એ પ્રયત્ન રહેશે કે આપણે આપણા ગુજરાતી સાહિત્યના આ વિપુલ ખજાનાની સમૃધ્ધ ઈમારતોના પાયામાં રહેલા દિગ્ગજોનો પરિચય કરીએ. એને માટે એક વાત એ ધ્યાનમાં રાખવાની કે સર્જકને આપણે તેના સ્થળ - કાળનાં પરિપ્રેક્ષ્યમાં સમજવાની કોશિશ કરીએ. વિદ્વાનોએ ગુજરાતી સાહિત્યને વિવિધ વિભાગોમાં વહેંચીને એનો અભ્યાસ કરવાની આપણને સગવડ કરી આપી છે.

પ્રાચીન સાહિત્યકારો, મધ્યયુગીન સાહિત્યકારો, ગાંધીયુગીન સાહિત્યકારો, અર્વાચિન સાહિત્યકારો અને આજના .કોમ યુગીન સાહોત્યકારોના શબ્દદેહને મળવાનો આપણો પ્રયત્ન રહેશે.
આપણી એ યાત્રા દરમ્યાન મારો એ પ્રયત્ન પણ રહેશે કે હું શક્ય તેટલાં વધુ સાહિત્યકારોનો પરિચય આપું. ક્યાંક કોઈ ક્ષતિ રહી જાય અથવા સર્જકને અન્યાય થતો લાગે તો વાચક મિત્રો, અવશ્ય મારું ધ્યાન દોરશો. મારી એ ત્રુટિને સુધારવાનો એ મોકો હું ઝડપી લઈશ.

તો, મળીએ આવતા અંકમાં, જેમાં પ્રાચીન સાહિત્યકારોથી લઈને બને એટલા પૂજ્ય વડિલોને એમાં આવરી લઈ એમનાં આશીર્વાદ મેળવીએ. એમની પાસેથી યત્કિંચિત માર્ગદર્શન લઈએ અને ધન્ય થઈએ...

-સુધા ભટ્ટ "અમીશ્રી"
sachini@rediffmail.com

## આભાસી સંબંધો

આભાસી સંબંધો માં ક્યાં સુધી અટવાઈશું !!
ઝરણું અવગણશું તો નદી ને કેમ મેળવશું?

વર્ષાને વિસરી વાદળ પાછળ કેમ દોડીશું !!
વૃક્ષને અવગણશું તો છાંયડો કેમ મેળવશું?

સૂરજ છોડી પડછાયા પાછળ ગાંડા થઈશું !!
અરીસો તોડશું તો પ્રતિબિંબ કેમ મેળવશું?

થડ જેવા જડ શું કામ થઈશું !!
જળને નહીં જાણીએ તો પ્રવાહીતા કેમ મેળવશું?

પવિત્ર પ્રેમ છોડી વ્યર્થ વાસનામાં ભટકશું !!
તો જીવનની સાર્થકતા કેમ મેળવશું?

અર્ધાંગીનીને તમારામાં નહીં સમાવશો ,
તો તમારી પૂર્ણતા કેમ પામશો ?

-- શૈલ્ય

# તેમ નથી....

પ્રેમ છે અનહદ પણ તને, બતાવી શકું તેમ નથી
પ્રેમિકાને પામવા, મિત્ર ગુમાવી શકું તેમ નથી

તારા સાથ વડે જ જીવન બન્યું છે જીવવાલાયક
તારા સાથને મરીને પણ ભુલાવી શકું તેમ નથી

તારા માટે બન્યા હશે, અનેક મહેલ અને મિનારા
આ ગરીબની ઝૂંપડીમાં તને લાવી શકું તેમ નથી

પગમાં મારા પડી છે થાકની બેડીઓ વર્ષોથી
તને મળવા તેથીજ કદી આવી શકું તેમ નથી

તને પ્રભુએ કદાચ, મારા માટે જ બનાવી છે
હું છતાં તને જીવનમાં સમાવી શકું તેમ નથી

'રાજીવ'ની જિંદગી પાનખરનું પાન બની ગઈ
તેને હવે વૃક્ષ પરથી જરા હલાવી શકું તેમ નથી

-- રાજીવ

# તું શબ્દોનો સાથ પુરાવે તો

મને મંજિલ મળી જાય
તું કદમ થી કદમ મિલાવે તો

મારી ધડકન બની જાય
તું શ્વાસ થી શ્વાસ મહેકાવે તો

મને પ્રેમ થઈ જાય
તું દિલ થી દિલ મિલાવે તો

કંઈક વાત બની જાય
તું નજરો થી નજર મિલાવે તો

મારી જિંદગી સફળ બની જાય
તું પ્રેમ થી સ્મિત રેલાવે તો

'કપિલ'ની કવિતા અમૃત બની જાય
તું શબ્દોનો સાથ પુરાવે તો

-- કપિલ દવે

# આમ તો નથી તું ........

આમ તો નથી તું ક્યાંય આસપાસ,
મનને તોય તારો સતત આભાસ;

દિલને પણ આજ,ફરી તારી આશ,
હજુયે નથી આવ્યો તું મારી પાસ?

શમણાં પણ થયાં છે મોંઘા ખાસ,
યાદને ચઢતું ના કોઈ વ્યાજ કાશ!!

જોઇ શકે નહીં દિલ તુજ નિશ્વાસ,
વાટ તો જોશે પણ અંતિમ શ્વાસ.

દુનિયા તોડે કદી, ક્યાંક, કો'ક વિશ્વાસ,
આવી જજે તું, ફરી મારી પાસ !!!

-- પીન્કી પાઠક

# <u>સંબંધોનાં સમીકરણો....</u>

સંબંધોનાં સમીકરણો બદલાતા મેં જોયા,
એમાં શતરંજનાં બાદશાહોને ફાવતાં મેં જોયા.

હારેલા ને લાગણીમાં પિસાતા મેં જોયા,
ને પછી યાદોનાં સાગરમાં ખોવાતા મેં જોયા.

પૈસા અને પ્રતિષ્ઠાની ઘેલછા માં,
જિંદગી સામે લખલૂટ લૂંટાતા મેં જોયા.

ધ્રુજી ગયું દિલ ,ને ફિકો પડ્યો વિશ્વાસ,
જયાં પ્રેમનાં મુખોટા બદલાતા મેં જોયાં.

--ધ્વનિ જોશી

# <u>રોજ ઉદભવું, રોજ આથમું</u>

સુર્ય જેવી જિંદગી, રોજ ઉદભવું, રોજ આથમું.
શબ્દ કેરા શ્વાસ નું લખાવું ને ભૂંસી નાખવું.

રોજ રોજ આવી ચઢે દહેલીજ પર મરી અરે!
ક્યાં સુધી સ્મરણો ને આમ જ હાંકવું ધુત્કારવું.

એ મને કહેતા નથી, આઘા ખસો, જાઓ તમે.
શહેરની આંખો ને મારે કેમ રે સમજાવવું.

હું તમોને શું કહું હાલત આ મારી કેમ ની,
શેર માં સઘળું કહ્યું, મુખ પર નામ ના એ લાવવું

હર ઘડી મુજને સતત યાદો તમારી ઘેરતી,
આદત આ કેવી આપની? પોતે કદી ના આવવું

હા, મને યાદ છે સ્વપ્ના હકીકત કાલ ની,
તારી હરેક એ વાત ને, મારે કેમ રે ભુલાવવુ

-- કાંક્ષિત મુનશી

# <u>આરામ</u>

સૂરજે ચંદ્ર ને કહ્યું ,
"તું આવ તો મને આરામ મળે"
ચંદ્ર એ અમાસ ને કહ્યું,
"તું આવ તો મને આરામ મળે"
પૃથ્વીએ પ્રભુ ને કહ્યું,
"માનવી ઉપાડ તો મને આરામ મળે"
માનવી એ માનવી ને કહ્યું
"તું શાંત થા તો મને આરામ મળે"
હવે તો મારા શ્વાસે મોત ને કહ્યું
"તું આવ તો મને આરામ મળે"

-- નીતાબેન કોટેચા

## જિંદગીભર ...

અમે હસ્યા છીએ અને હસતાં જ રહીશું જિંદગીભર,
વહેતાં અશ્રુનો સમુદ્ર આંખોમાં સમાવીશું જિંદગીભર.

દુનીયાનાં ગમમાં ખોવાઈ જાઓ તમે જો ક્યાંક,
શોધજો અમને ખુશીમાં ત્યાં અમે મળીશું જિંદગીભર .

નથી બન્યા અમે કારણ આંખના આસુંનું કોઈના,
મુસ્કુરાતા ચહેરામાં જ અમે મલકાઈશું જિંદગીભર.

મળ્યા છે દર્દો જીવનમાર્ગમાં હર એક મોડ પર,
હસતાં હસતાં એને ઝેલતાં રહીશું જિંદગીભર.

માત્ર બે જ દિનની જિંદગાની છે, ડૂબી જશે મિત્રો,
છે સાચી મૈત્રી મોતથી, એને વળગાડીશું જિંદગીભર.

-- નીરજ શાહ

## ધબકાર - ડૉ.પાર્થ માંકડ

ધબકાર.. સૂર શબ્દનાં સથવાર...

## ઉદ્દેશ્ય ..

*ધબકારને કોઈ સંસ્થા કે ઑર્ગનાઇઝેશન કહેવા કરતાં એક પરિવાર કહેવો વધુ યોગ્ય રહેશે જ્યાં ગુજરાતી ભાષાની હૂંફ અને પ્રેમથી... થીજી ગયેલી લાગણીઓની નદી ફરીથી વહેતી કરાય છે...*

*કાવ્યસર્જન એ ઈશ્વરોપાસનાથી સહેજ પણ ઉતરતી ઘટના નથી... મીરાં અને નરસૈયો તેનો પુરાવો છે... પણ ઇતિહાસની સ્વર્ણિમ ક્ષણો વર્તમાનમાં પણ સ્વર્ણિમ બને એના ઉદ્દીપક રૂપે હોય છે... નહીં કે માત્ર વાંચીને વાગોળવા માટે જ... સમયના વહેણની સાથે કાવ્ય અને ગઝલને પણ સતત વહેતા રાખવા એ આપણી ફરજ પણ છે અને જરૂરિયાત પણ.. ને ધબકાર એટલે એ દિશામાં એક ડગલું..*

*ધબકાર કાવ્ય સર્જન કરતાં, ગઝલો રચતાં, ગાઈ શકતાં, બોલી શકતાં ને હા..! સૌથી મહત્વનું તો એ કે સાંભળી શકતા... ભાષા, સાહિત્ય ને સંગીતના રસિયાઓનો બનેલો પરિવાર છે... જેમાં વ્યક્તિમાં છૂપાયેલા કલકારને આકાર આપીને તેને રજૂઆત કરવાની તક આપે છે... અને એની જ સાથે મળીને માણે છે... ને હા..! આ પરિવાર છે ને એમાં નફો નુકસાન તો ના જ હોય ને..??*

*ધબકારમાં લાગણીઓ, અભિવ્યક્તિઓ ને સંબંધોની વહેંચણી છે તેમાં વેચાણને કોઈ સ્થાન નથી.*

*ધબકાર એક વિઝન છે કે જેના પોતાનામાં જ એક મિશન છે:*

*ધબકાર પરિવાર એ વ્યક્તિમાં રહેલા કલાકારને અને એના ભાષા પ્રત્યેનાં પ્રેમ ને જગાડીને એને એક સ્ટેજ, એક પ્લેટફોર્મ આપીને ગુજરાતી અર્વાચીન સાહિત્ય અને સુગમ સંગીતને આગળ ધપાવવામાં પોતાનું ઐતિહાસિક યોગદાન આપવા ઇચ્છે છે.. જેથી ગુજરાતી ભાષાની મૌલિકતા દરેકનાં હૃદયમાં જીવંત રહે...*

Poetry & Literature

Music & Performing Arts

ધબકારનું ચિહ્ન જ એનો આત્મા દર્શાવવા માટે પૂરતું છે...

જેમાંની લેખની...(પેન) એ સતત સાહિત્યનો સંસ્કારિત વારસો કાગળ પર ઉતારવાની અપ્રતિમ શક્તિ ધરાવે છે ને એ જ કાર્ય કરતી રહે છે.. અને પાસે રહેલો માઈક લેખની દ્વારા વહેતા શબ્દને બોલતો કરીને એક હૃદયની અભિવ્યક્તિને સામેના કેટલાંય હૃદયો સુધી પહોંચવાનો રસ્તો કરી આપે છે...

ને આ સૂર ને શબ્દના સથવારે એવા આપણે સૌ ચાલી નીકળિએ છીએ આપણી પોતીકી દુનિયામાં....

http://www.dhabkar.com

## પ્રવૃત્તિઓ

૧. મિલનો -

મિલનમાં ધબકારના મિત્રો સાથે મળીને ધબકારની પ્રવૃત્તિઓ અને આવનારી બેઠકનું આયોજન કરે છે અને ધબકાર પરિવાર આવનારા દિવસોમાં ગુજરાતી ભાષાની સમૃધ્ધતાને જાળવી રાખીને સાહિત્યની વધુ સારી રીતે સેવા કઈ રીતે કરી શકે એ માટેની શક્યતાઓ વિચારાય છે. પરિવારના વડીલ અને માનદ સભ્યોની સલાહ લેવાય છે ને એ દિશામાં પગલું ભરવા પ્રયત્ન કરાય છે. જેથી ધબકાર વધુ ને વધુ ઊગતા કલાકારોને આવકારીને તેમને એક મંચ આપી શકે...

૨. બેઠક -

બેઠક એટલે ધબકારનું હ્રદય.. ધબકારનું સાચું અને સ્પષ્ટ પ્રતિબિંબ. જેમાં આપણાં જ અલગ અલગ રજૂઆતકર્તા દ્વારા તૈયાર કરાયેલ કૃતિઓની રજૂઆત કરાય છે... જે સાચા અર્થમાં સંગીત અને શબ્દોની સમજ ધરાવતાં શ્રોતાઓ માણે છે... ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર જેવા અગ્રણી અખબારોએ પણ આપણી આ પ્રવૃત્તિની નોંધ લીધી છે અને આપણી બેઠકોના ફોટોગ્રાફ સાથે અહેવાલ પણ છાપ્યા છે... ઉપરાંત ડી. એન. એ જેવું અંગ્રેજી અખબાર પણ એ કર્યા વિના રહી શક્યું નથી...

ધબકારની બેઠક એ પૂર્ણત: બિનવ્યાવસાયિક ધોરણે કરવામાં આવે છે જેમાં સતત ૩ કલાક જેટલો સમય સંગીતની અને નવરચિત કાવ્યોની લહાણી કરાય છે... તેમાં ગાયક, વાદક, સંચાલક બધાં જ ધબકાર પરિવારના જ હોય છે.. અને સૌ પોતાની કળાને મન મૂકીને વહાવે છે...

૩. ઑનલાઈન પ્રવૃત્તિઓ -

ધબકાર ઑનલાઈન બ્લૉગ, ઓર્કુટ કમ્યૂનિટિ, ચર્ચાપત્રો અને યાહૂ ગ્રુપ પણ ચલાવે છે. ઑનલાઈન માધ્યમ દ્વારા, વિદેશમાં રહેતા અને ગુજરાતી કવિઓ અને લેખકો તેમના વિચારો અને કૃતિઓ આપણી સાથે વહેંચી શકે.

ઓર્ગનાઇઝેશનની વિગત -

મુખ્ય કેન્દ્ર - અમદાવાદ

મૅનેજમેન્ટ - શૈલ્ય શાહ, કાંક્ષિત મુન્શી

ધબકાર એ એક વિચાર છે, માત્ર કોઈ સંસ્થા નહીં પણ ગુજરાતી ભાષાને જીવંત રાખવાના યજ્ઞની એક આહુતિ છે અને શાશ્વત બની રહેવા માંગે છે. બસ આમ જ  આ પરિવાર વિકસતો રહે, હંમેશા ઊગતા કલાકારો... નવા નવા કવીઓ  કવિઓ, સ્વરકારો, લેખકો, સંચાલકો, ગાયકો, વગેરેને  મંચ ઉપલ્બ્ધ ઉપલબ્ધ કરાવતો રહે એ જ અમારી  ઇચ્છા છે...

અને આ બધા પ્રયત્નો દ્વારા પ્રત્યક્ષ ને પરોક્ષ બંને રીતે ગુર્જરીની સાહિત્ય બેંકના ખાતામાં વધુ ને વધુ પૂંજી જમા કરાવતા રહીશું...

આ રહ્યા એમાનાં કેટલાક અંશો કે જે નજીકના ભવિષ્યમાં સાકાર કરીએ...

> ધબકારના કવિઓ દ્વારા લખાયેલી કવિતાઓનું એક પુસ્તક પ્રકાશિત કરવું.

> ગુજરાતી નાટકો અને લોકસંગીતને રજૂ કરતાં કાર્યક્રમો યોજવા.

> ગુજરાત અને તેની બહાર ધબકારનાં સંપર્ક કેન્દ્રો બનાવવા.

> બાળકો માટે બેઠકો અને કાર્યક્રમો યોજવા.

પાર્થ માંકડ
drparthmankad@gmail.com

# Dhabkar Statistics:

## MEMBER'S TILL NOW

| LOCATION | MEMBERS |
|---|---|
| **AHMEDABAD** | 93 |
| **MUMBAI** | 32 |
| **BARODA** | 24 |
| **SURAT** | 23 |
| **OVER SEAS** | 26 |
| **TOTAL** | **198** |

- This data is taken from the data base of parichya patra
- Only those people who have filled in the parichay parta for a part of this census
- Members of dhabkar are from all walks of life, students, professionals, self employed individuals, service class, retired veterans and house wives.
- Dhabkar is soon to think on an initiative for children too
- If you want to become a member of dhabkar then please login to http://dhabkar.com/parichay-patra/ and fill up parichya patra.

**jay jay garvi gujarat......**

**Manthan Bhavsar**
**manthan@dhabkar.com**

# Special Thanks!!!!!

Dhabkar forwards its sincere gratitude to a few of its members who although being not much visible,  have been the basic reason for Dhabkar's standing tall.

A few committed people, who have always been ready to help and support Dhabkar, immaterial of their locational availability, condition or other commitments, these people are they actual reason of Dhabkar's success.

Entire Dhabkar Parivar is thankful and owes a great deal to all these *"dhabkar na dhabkara"*. Without their commitment and support we might not have made it this far; this big.

So, we hereby name a few of these individuals, not just to bestow their efforts but also to encourage others to work equally hard and with the same commitment,

**Back Office and Support**(both moral and by doing lots of work!!!):
Neha Parikh(mail,graphics),Swati Patel(mail,orkut), Jalpa Desai(calling),
Neha Mehta(Bombay events), Jigna Dalal(orkut,mail)

**Music** (their chords speak louder than their voices!!!):
Vatsal Patel (tabla), Tejas Shah (vocals), Lalit Oza (tabla, mrudang) , Khushbu bhatt (vocals), Girish (guitar), Hardip Dave (tabla),

**Gujarati Typing Team**, comprising of 2 people namely, Swati Patel, Kirit bhai "jhankal"; has been very institutional not just for Dhabkar's back office typing but also by proving an extended help to all Dhabkar Poets by solving their problem of gujarti typing.
Sincere thanks to these two individuals.

This gratitude does not at all limit its scope to the list, the list is to make all members aware of the real support and strength of dhabkar.
Dhabkar's success is because of all its members and contributors, and we are indebted by their kindness and support.

Looking forward for not just the same, but a highly leveraged support from all.

Regards
dhabkar Parivar
mail@dhabkar.com

# Future Aspirations

Dhabkar aspires to become a long lasting group, where the main motive remains nurturing Gujarati language and culture.

**Key activities in thought process are:**

- Releasing a book consisting of selected poetries of dhabkar poets.
- Starting Bethaks and events for children and veterans
- Starting events for plays and Gujarati folk music.
- Starting chapters across Gujarat and aboard.
- Starting a wing for performing arts.

## FOR ANY QUERIES CONTACT US AT:


**www.dhabkar.com**

Dhabkar: **mail@dhabkar.com**

Shailya Shah : **shailya@dhabkar.com**

Kankshit Munshi: **kankshit@dhabkar.com**


## IT & NEWS LETTER COORDINATION TEAM


Manthan Bhavsar: **manthan@dhabkar.com**
Niraj Shah: **niraj@dhabkar.com**


## KAVYA SANGRAH QUERIES:


Jigar Shah : **jigar@dhabkar.com**


## ADDRESS:


DHABKAR GROUP
3, Rohini Society,
Nr.Shreyas Fly over,
Nr.Manekbaug Hall,
Ahmedabad.


http://www.dhabkar.com